# સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે તાલીમ લેનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય યોજના

**(ઠરાવ સાથે ધ્યાને લેવાના મુદ્દાઓ)**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના શૈક્ષણિક વિકાસ માટે વિવિધ શૈક્ષણિક યોજનાઓ અમલમાં છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તા.૨૦-૯-૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૩૨૦૧૬/૭૨૨૩૮૯/અ.૧ થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને વર્ગ-૧, ૨ અને ૩ની ગુજરાત સરકાર અને ભારત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષામાંથી કોઇ પણ એક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે તાલીમાર્થીને રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ભરેલ ફી એ બે પૈકી જે ઓછું હોય તે તાલીમાર્થીના બેંક ખાતામાં **DBT** મારફતે સહાય ચુકવવાની યોજના અમલમાં છે. સદર યોજનાનુ અમલીકરણ ઓનલાઇન થતા તેની સામાન્યતઃ અરજીઓ મંજુર કરતા સમયે નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લેવાના રહેશે.

**ઠરાવો :**

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૬/૭૨૨૩૮૯/ અ.૧ તા.૨૦-૯-૨૦૨૨

❖ **યોજનાનું સ્વરૂપ/સહાયના ધોરણો**

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને (૧) ગુજરાત જાહેર સેવા આયોગ, (૨) ગુજરાત ગૌણ સેવા પસંદગી બોર્ડ (જીએસએસએસબી), (૩) રાજ્ય પોલીસ ભરતી, (૪) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ (જીપીએસબી) વગેરે જેવી રાજ્ય કક્ષાની તેમજ કેન્દ્ર કક્ષાની (૧) બેંકિંગ, (૨) રેલ્વે, (૩) આર્મી ભરતી (૪) સેન્ટ્રલ પોલીસ ફોર્સ (**CRPF, BSF, CISF** વગેરે) અને (૫) સ્ટાફ સિલેક્શન કમિશન (એસએસસી) વગેરે દ્વારા લેવાતી વર્ગ-૧, ૨ અને ૩ની ગુજરાત સરકાર અને ભારત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષામાંથી કોઇ પણ એક પરીક્ષાની પૂર્વ તૈયારી માટે તાલીમાર્થીને રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ભરેલ ફી એ બે પૈકી જે ઓછું હોય તે તાલીમાર્થીના બેંક ખાતામાં **DBT** (ડી. બી. ટી.) મારફતે વિદ્યાર્થીના બેંક એકાઉન્ટમાં મળવાપાત્ર થશે.
- આ યોજનાનો ઓનલાઇન અમલ e-samajkalyan portal પર કરવામાં આવે છે.

## ❖ આવક મર્યાદા

- કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા. ૪.૫૦ લાખ કે તેથી ઓછી.

## ❖ વિદ્યાર્થીઓએ ધ્યાને લેવાના મુદ્દાઓ

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના તાલીમાર્થીઓને આ યોજનાનો લાભ ફકત એકવાર મળવાપાત્ર રહેશે.
- તાલીમાર્થીઓએ અરજી કરતા પૂર્વે પોર્ટલ પર મૂકવામાં આવેલી માર્ગદર્શિકાનો સંપૂર્ણ અભ્યાસ કરવો અનિવાર્ય છે.
- તાલીમાર્થીજે ભરતી પરીક્ષા માટે કોચીંગ મેળવવા માંગતા હોય તે ભરતીની શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા ધરાવતા હોવા જોઇશે.
- સહાય મેળવવા માટે ધોરણ–૧૨ / સ્નાતક કક્ષામાં (જે લાગુ પડતુ હોય તે) ૫૦ ટકા કે તેથી વધુ હોવા જરુરી છે.
- ધો–૧૨/સ્નાતક માં ૫૦ ટકા એટલે તમામ વિષયના કુલ ગુણ માંથી મેળવેલ ગુણના ૫૦ ટકા મેળવેલ હોવા જોઇશે (પર્સેન્ટાઇલ ધ્યાને લેવાશે નહિ.) (**CGPA** વાળા તાલીમાર્થીઓ માટે જે–તે યુનિવર્સિટીની પધ્ધિત મુજબ ટકાવારીની ગણતરી કરવાની રહેશે)
- તાલીમાર્થી જે સંસ્થામાં જતો હોય તે સંસ્થા ફરજીયાત **GST/PAN** નંબર ધરાવતી હોવી જોઇએ. જેના આધાર રજુ કરવાના રહેશે.
- તાલીમાર્થીના તાલીમનો વર્ગ ઓછામાં ઓછો ૯૦ દિવસની તાલીમનો હોવો જોઇએ.
- તાલીમાર્થીએ પોર્ટલ પર પોતાની બેચનો ચોક્કસ સમયગાળો અને બેચના સમયની જાણ કરવાની રહેશે.
- યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીની જે–તે કોચિંગ કલાસમાં ઓછામાં ઓછી ૭૦% હાજરી હોવી આવશ્યક છે.
- તાલીમાર્થીએ કલાસીસમાં એડમીશન મેળવ્યા અંગેનો એડમીશનની તારીખ સાથેનો એડમીશન લેટર રજુ કરવાનો રહેશે.

- ઓનલાઇન અરજી સહ જરૂરી સાધનિક પુરાવાઓ ઓરીઝનલ(અસલ) ડોક્યુમેન્ટ સ્કેન કરીને અપલોડ કરવાના રહેશે.
- તાલીમાર્થીએ ઓનલાઇન અરજી કર્યાની તારીખથી ઓનલાઇન અપલોડ કરેલ ડોક્યુમેન્ટ તથા અરજીની હાર્ડ કોપી સાથે જે જિલ્લામાં કોચિંગ કલાસ હોય તે જિલ્લા કચેરીએ ૨૦ દિવસની અંદર રજુ કરવાની રહેશે. જિલ્લા કચેરીએ તાલીમાર્થી દ્વારા સમય મર્યાદા બાદ રજુ કરેલ અરજી(હાર્ડકોપી)ને નામંજુર કરવામાં આવશે.
- જમા કરાવેલ હાર્ડ કોપીની અરજીમાં કોઈ ક્ષતિ જણાશે અને તે સુધારણા અર્થે તાલીમાર્થીને પરત (Send Back) કરવામાં આવે, તો તાલીમાર્થીએ ૧૫ દિવસની અંદર જે-તે પુર્તતા કરી અરજી ફરીથી ઓનલાઇન સબમિટ કરવાની રહેશે. તેમજ પુર્તતામાં કોઇ નવો પુરાવો ઓનલાઇન અપલોડ કરેલ હોય તો તેની નકલ જિલ્લા કચેરીએ આપવાની રહેશે.
- સરકારશ્રી દ્વારા અમલિત સમાન પ્રકારની અન્ય કોઇ પણ યોજનાનો લાભ મેળવતા તાલીમાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.
- **Online** માધ્યમથી તાલીમ મેળવતા તાલીમાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે નહિ.
- અરજદારે જે-તે વર્ષમાં જ e-samajkalyan portal પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.
- આ યોજનાની અરજીઓ/દરખાસ્તો મંજુર/નામંજુર કરવાની સત્તા સબંધિત જિલ્લાના જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.ક.) ની રહેશે.

## ❖ સંસ્થાએ ધ્યાને લેવાના મુદ્દાઓ

- સંસ્થા ટ્રસ્ટ એકટ/શોપ એસ્ટાબીલ્સમેન્ટ એકટ (ગુમાસ્તા ધારો)/કંપની એક્ટ પૈકી કોઇ પણ એક કાયદા હેઠળ નોંધાયેલી હોવી જોઇશે.
- સંસ્થા ન્યૂનતમ ૩ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ જગ્યાએ (શહેર/નગર/ગામ) સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ અને શિક્ષણના ક્ષેત્રમાં કાર્યાન્વિત હોવી જોઇશે.

- સંસ્થા ન્યૂનતમ ૩ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ જગ્યાએ કાર્યરતના પુરાવા માટે સંસ્થાએ ક્રમ નં. ૧ મુજબ સંસ્થાના રજિસ્ટ્રેશનના પુરાવા/માલિકીના આધાર પુરાવા/જો સંસ્થાનુ સ્થળ ભાડે હોય તો છેલ્લા ત્રણ વર્ષના ભાડાકરાર રજુ કરવાના રહેશે.
- તદ્દન હંગામી ધોરણે શરૂ કરેલા કલાસીસ માન્ય ગણાશે નહી.
- સંસ્થાએ છેલ્લા ત્રણ વર્ષના **IT** રીટર્ન રજુ કરવાના રહેશે. જેમાં શૈક્ષણિક/કોચિંગ હેતુસર થયેલ આવક તરીકે દર્શાવેલ હોવી જોઇએ.
- સંસ્થા ફરજીયાત **GST/Pan** નંબર ધરાવતી હોવી જોઇએ. જેના આધાર રજુ કરવાના રહેશે.
- સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની હાજરી માટે હાજરીપત્રક નિભાવવાનું રહેશે.
- **CCTV** કેમેરા લગાવેલ હોવા જોઈએ તેનું બેકઅપ સંસ્થાકક્ષાએ કલાસ પૂર્ણ થયાના એક વર્ષ સુધી રાખવાનું રહેશે.
- તાલીમી સંસ્થા પાસે તાલીમાર્થીઓના પ્રમાણમા પ્રાથમિક સુવિધાઓ હોવી જોઇશે. તેમજ અન્ય સરકારી ધારા-ધોરણોનુ પાલન કરવાનુ રહેશે.
- તાલીમી સંસ્થાએ રજીસ્ટ્રેશન સમયે બ્લેક લીસ્ટ થયા અંગેની વિગતો આપવાની રહેશે જો સંસ્થાએ વિગતો આપેલ નહી હોય અને પાછળથી બ્લેકલીસ્ટ થયા અંગેની જાણકારી મળશે તો સંબધિત સંસ્થા વિરૂધ્ધ જરુરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

*****

***ઉક્ત તમામ મુદ્દાઓ માર્ગદર્શન પુરતા છે. સરકારશ્રીના ઠરાવ ધ્યાને લઈ અરજીઓ મંજુર/નામંજુર કરવાપાત્ર રહેશે.**